" ઉત્તમ ગ્રંથાલય માટે " સ્વ. મોતીભાઇ અમીન ગ્રંથાલય સેવા એવોર્ડ અને ઉત્તમ સેવા કરતા ગ્રંથાલયના કર્મચારી/ અધિકારી માટે ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર યોજના અન્વયે પારિતોષિક અને પ્રમાણપત્ર આપવા માટેની સમિતિની પુન: રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- ગથલ/૧૦૦૪/૮૨૭/ફ
સચિવાલય ગાંધીનગર
તા. ૨૦/3/૨૦૧૭

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ અને મજુર વિભાગનો તા.૫/૮/૮૯નો ઠરાવ ક્રમાંક:- ગથલ-૧૧૭૩-૯૬૬૫-બ.

(૨) રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા.૧૨/03/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:- ગથલ/૧૦૦૪/૮૨૭/ફ

(3) નિયામકશ્રી, ગ્રંથાલય, ગાંધીનગરનો તા.૦૮/૦૮/૨૦૧૬ના પત્ર ક્રમાંક:- ગ-૨-મનઅ-૨૦૧૬-૧૭/૭૧૬૪.

પ્રસ્તાવના:-

ઉત્તમ ગ્રંથાલય માટે સ્વ. મોતીભાઇ અમીન ગ્રંથાલય સેવા એવોર્ડ અને ઉત્તમ સેવા કરતા ગ્રંથાલયના કર્મચારી/ અધિકારી માટે ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર યોજના વંચાણમાં લીધેલા તત્કાલિન, શિક્ષણ વિભાગના આમુખ (૧) ના તા.૫/૮/૮૯ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે. તે અન્વયે ઉત્તમ ગ્રંથાલય અને ગ્રંથપાલોને પારિતોષિક તથા પ્રમાણપત્ર આપવા માટે પ્રાદેશિક પેટા સમિતિએ કરેલ ભલામણોની ચકાસણી કરવા રાજ્યકક્ષાની પસંદગી સમિતિની પુન:રચના વંચાણમાં લીધેલા આમુખ (૨) ના તા.૧૨/03/૨૦૧૩ના ઠરાવથી કરવામાં આવી હતી. આ સમિતિની મુદત તા.૬/૧૦/૨૦૧૫ના રોજ પૂર્ણ થતાં,ગ્રંથાલય નિયામકની કચેરીએ આમુખ (3)થી રાજ્યકક્ષાની પસંદગી સમિતિની પુન:રચના કરવાની બાબતની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય

વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે પ્રસ્તાવનામાં જણાવેલ વિષય અંગેને રાજ્યકક્ષાની પસંદગી સમિતિની નીચેની વિગતે આથી પુન:રચના કરવામાં આવે છે.

| ક્રમ | સમિતિના સભ્યશ્રીઓ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | સચિવશ્રી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, બ્લોક નં.૨/માળ૮, સરદારભવન સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| ૦૨ | નાયબ સચિવશ્રી, (સાંસ્કૃતિક પ્રવૃતિઓ) રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, બ્લોક નં.૨/માળ૮, સરદારભવન સચિવાલય, ગાંધીનગર | સભ્ય |
| ૦૩ | નાંણા સલાહકારશ્રી(ર.ગ.) રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાંગ, સચિવાલય, ગાંધીનગર | સભ્ય |
| ૦૪ | ગ્રંથાલય નિયામકશ્રી,ગુજરાત રાજ્ય,સેક્ટર-૧૭, ગાંધીનગર. | સભ્ય |
| ૦૫ | ગ્રંથપાલશ્રી,રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય,સેક્ટર-૧૭, ગાંધીનગર. | સભ્ય |
| ૦૬ | ગ્રંથપાલશ્રી,મધ્યવર્તી પુસ્તકાલય-વડોદરા, બેંક રોડ,માંડવી,વડોદરા | સભ્ય |
| ૦૭ | મદદનીશ ગ્રંથાલય નિયામકશ્રી,ગ્રંથાલય નિયામકની કચેરી,સેક્ટર-૧૭,ગાંધીનગર | સભ્યસચિવ |

ઉક્ત રાજ્ય કક્ષાની પસંદગી સમિતિએ,પ્રાદેશિક પેટા સમિતિ તરફથી મળેલ ભલામણોની ચકાસણી કરવાની રહેશે. ચકાસણી કર્યા બાદ સ્વ.મોતીભાઈ અમીન એવોર્ડ તથા પ્રમાણપત્ર આપવા બાબતે ગ્રંથાલયોની પસંદગી કરી, રાજય સરકારને તે બાબતે યોગ્ય ભલામણ કરવાની રહેશે.

આ સમિતિનું વડું મથક ગાંધીનગર રહેશે.

આ સમિતિની મુદત તા.૦૭/૧૦/૨૦૧૫ થી લંબાવતા, આ સમિતિ તથા તેના સભ્યોની મુદત અન્ય હુકમો ન થાય ત્યાં સુધી યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ "બજેટ સદર-૨૨૦૫-કલા અને સંસ્કૃતિ,૧૦૫-જાહેર ગ્રંથાલયો.(૧) ઈડીએન-૬૦.ગ્રંથાલય વિકાસ (આયોજન બહાર)" હેઠળ મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૭/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.જી.જોષી )
ઉપસચિવ
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી,ર.ગ.ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨.માળ-૩, સચિવાલય. ગાંધીનગર.
- સચિવશ્રી,રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,સરદાર ભવન,બ્લોક-૨ , માળ-૮,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સાં.પ્ર.),રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,સરદાર ભવન,બ્લોક-૨ , માળ-૮,સચિવાલય,ગાંધીનગર.
- નાંણા સલાહકારશ્રી,ર.ગ.,નાંણા વિભાગ,બ્લોક-૪,માળ-૧,સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (ક્ર), રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ. સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી-ગ્રંથાલય,ગ્રંથાલય નિયામકની કચેરી,સેક્ટર-૧૭,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીની કચેરી.સેક્ટર-૧૦. ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારી,સેક્ટર-૧૦, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી,અમદાવાદ(બહુમાળી મકાન,લાલ દરવાજા,અમદાવાદ)/રાજકોટ.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ (ગ્રંથાલય નિયામકની કચેરી મારફત)

- નાંણા શાખા,ર.ગ.,નાંણા વિભાગ,બ્લોક-૪,માળ-૧,સરદારભવન,સચિવાલય,ગાંધીનગર.
- બજેટ શાખા રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,સરદાર ભવન,બ્લોક-૨ , માળ-૮,સચિવાલય,ગાંધીનગર
- શાખા પસંદગી ફાઈલ
- નાયબ સેક્શન અધિકારીશ્રીની પસંદગી ફાઈલ
- વેબસાઈટ ઈન્ચાર્જશ્રીને વિભાગની વેબસાઈટમાં અપલોડ કરવા.